# હાદી
## માસિક

બાળકો અને નવયુવાનો માટે

અંક ૫૮

રમઝાન,
હીજરી સન ૧૪૩૪,
ઓગસ્ટ - ૨૦૧૩



રૂા. 30/-



# આસમાની કિતાબોનો મહિનો

ઈમામ સાદીક અ.સ.એ અબુબશીરને ફરમાવ્યું કે રમઝાનના પવિત્ર માસની **છઠ્ઠી (૬) તારીખે તૌરેત** નાજીલ થઈ હતી, **બારમી (૧૨) તારીખે ઈનજીલ (બાઈબલ)** અને **આઢરમી (૧૮) તારીખે ઝબૂર** નાજીલ થઈ હતી અને **શબે કદ્રમાં કુરઆન** નાજીલ થયું હતું.

– (ફલસફયે રોઝા દર ઈસ્લામ પા.૩૮)



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## રમઝાન, હીજરી સન ૧૪૩૪,
## ઓગસ્ટ- ૨૦૧૩


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !                    અસ્સલામો અલયકુમ !

માહે રમઝાનુલ મુબારકની બરકતો, રહેમતો અને ઈબાદતોની સાથે આપનો પ્રિય હાદી પણ આપના હાથોમાં આવી ગયો છે. આપનો આ હાદી આપના માટે કેટલી ખુશાલીઓ લાવ્યો છે તે આપ એને ધ્યાનથી વાંચશો તો જ તમને ખબર પડશે. માહે રમઝાનુલ મુબારકના તમારા આ હાદીને ધ્યાનથી વાંચજો, તેમાં ઘણી મહત્વની વાતો તમારા માટે લખવામાં આવી છે.

રમઝાનુલ મુબારકનો મહીનો રોજા રાખવાનો-ઈબાદતોનો અને કલામે પાકની તિલાવત કરવાનો મહીનો છે. અમે પણ આમાં આ બાબતો વિશે તમારા માટેની જાણકારી અને અન્ય ઘણી વસ્તુઓ એકત્ર કરી છે.

આ મુબારક માસમાં એક દિવસ એવો પણ છે કે જે દિવસે નબી સ.અ.વ.ના ઘરમાં જ નહીં પરંતુ પુરા મદીના શહેરમાં ખુશાલીનો માહોલ છવાઈ ગયો હતો. જાણો છો તે દિવસ કયો છે ? હા, તે દિવસ એ છે જે દિવસે આપણાં બીજા ઈમામ હસને મુજતબા અ.સ.ની મુબારક વિલાદત થઈ હતી.

પરંતુ ૧૯-૨૦ અને ૨૧મી તારીખો ને પણ ભૂલવી જોઈએ નહીં. આ ગમના દિવસો છે. ૧૯મી એ આપણાં મૌલાને વાર કરવામાં આવ્યો જેને કારણે ૨૧મી એ આપની શહાદત થઈ ગઈ હતી. આ દિવસોમાં બીજી ઈબાદતો સાથે ઈમામના સોગમાં શરીક થવાનું અને ગમ મનાવવાનું ભૂલતાં નહીં.

જુઓ, આ મહીનામાં જ આપણાં વહાલા નબી સ.અ.વ. ઉપર અલ્લાહે કુર્આન નાઝિલ ફરમાવ્યું હતું. આ મહીનો જ કુર્આનની બહાર (વસંત ઋતુ) વાળો મહીનો છે, આ મહીનામાં શબે કદ્ર વાળી રાત્રીઓ ઘણી જ મહત્વવાળી રાત્રીઓ છે. આ રાત્રીઓમાં તિલાવત અને ઈબાદત કરવાનું , સલવાત અને સલામ પઢવાનું ભૂલતાં નહીં, આનો ઘણો સવાબ છે અને આ કાર્યોના લીધે જ અલ્લાહ આપણી આખા વરસની તકદીર પણ નક્કી કરે છે.

અને આ મહિનો ખતમ થયા પછી તરત જ આપણાં માટે ઈદની મહાન ભેટ પણ આવશે જ.

વહાલા મિત્રો ! અમને અને આપના હાદીને પોતાની ખુશીઓમાં ભૂલી જતાં નહીં, હોં !

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

**વાર્ષિક લવાજમ**

**રૂા. ૩૦૦/-**

# રમઝાન માસની ઘટનાઓ




**૧-રમઝાન :** સને ૨૦૦ હિજરીમાં આજના દિવસે મામૂન નામના ખલીફાએ ઈમામ રિઝા (અ.સ.)ને ફક્ત દેખાવ પૂરતા પોતાના 'વલીઅહદ' (કોઈ સમ્રાટ પોતાના મૃત્યુ પછી જે વ્યક્તિ અંગે આવી જાહેરાત કરવામાં આવી હોય તેને 'વલી અહદ' કહેવામાં આવે છે.) જાહેર કર્યા હતાં.



**૩- રમઝાન :** સને ૯ હિજરીમાં આજના દિવસે 'તાબૂક' નામનું યુધ્ધ થયું હતું. જેમાં પયગમ્બર સાહેબ (સ.અ.વ.) હઝરત અલી અ.સ.ને યુધ્ધમાં પોતાની સાથે નહોતાં લઈ ગયાં. પરંતુ મદીના શહેરના સ્થાને હઝરત અલી અ.સ.ને સ્થાપીને ગયા હતાં. (હઝરત અલી અ.સ.ને પોતાના "જાનશીન" બનાવીને ગયાં હતાં.)



**૬-રમઝાન :** સને ૨૦૧ હિજરીમાં ઈમામ રિઝા અ.સ.ના નામનો સિક્કો ચલણમાં મૂકવામાં આવ્યો હતો.




**૧૦-રમઝાન :** આજના દિવસે રસૂલ અકરમ સ.અ.વ.ના પ્રથમ અને વફાદાર પત્નિ અને હઝરત ઝેહરા સલા.ના વાલિદા (માતૃશ્રી) અવસાન પામ્યાં હતાં. આપણા નબીયે અકરમ સ.અ.વ. હંમેશા આપની પ્રશંસા કરતાં રહેતા હતા.



**૧૫-રમઝાન :** આજના દિવસે હઝરત ઈમામ હસન (અ.સ.)ની નૂરાની વિલાદત થઈ હતી. આપ સને ૩ હિજરીમાં જન્મ્યાં હતાં.



**૧૭-રમઝાન :** સને ૨ હિજરીમાં આજના દિવસે ઈસ્લામની પ્રથમ લડાઈ "જંગે બદ્ર" (બદ્રની લડાઈ) થઈ હતી.



**૧૯-રમઝાન :** આજના દિવસે પરોઢિયે આપણાં આકા અને મૌલા હઝરત અલી (અ.સ.)ના માથા ઉપર નમાઝની સ્થિતિમાં વાર કરવામાં આવ્યો હતો. જેનાથી આપ ઘવાયાં હતાં.



**૨૦-રમઝાન :** આજના દિવસે મક્કા શહેર જીતી લેવામાં આવ્યું હતું. આ મહાન યુધ્ધ સને ૮ હિજરીમાં થયું હતું.



**૨૧-રમઝાન :** આજના દિવસે આપણાં આકા અને મૌલા હઝરત અલી (અ.સ.) શહીદ થયાં હતાં. આજના દિવસે ઈમામ હસનની ખિલાફત માટે લોકોએ બયઅત કરી હતી. આજના દિવસે ઈબ્ને મુલ્જિમનો વધ થયો હતો.

**૨૩-રમઝાન :** આજના દિવસે જ "શબે કદ્ર"માં કુરઆન નાઝિલ થયું હતું. (ઉતર્યું હતું.)



# રમઝાન માસમાં પરવરદીગારની પાંચ ઈનાયતો

નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે ખુદાવંદે આલમ રમઝાનના મુબારક માસમાં મારા અનુયાયીઓ (ઉમ્મત)ને પાંચ એવી વસ્તુઓ ઈનાયત કરે છે જે અન્ય કોઈ નબીના અનુયાયીઓ (ઉમ્મતો)ને આપવામાં આવી નથી.

(૧) જ્યારે રમઝાનના મુબારક માસનો પહેલો દિવસ આવે છે ત્યારે ખુદાવંદે આલમ મારા અનુયાયીઓ (ઉમ્મત) ઉપર પોતાની દયા અને કૃપાની દૃષ્ટી નાખે તે જ તેમના માટે પુરતી છે કેમકે તે પછી તે (ખુદા) કોઈને અઝાબ (દુઃખ) આપતો નથી.

(૨) ખુદાવંદે આલમ સમક્ષ રોઝાદારના મોઢાની સુગંધ મુશ્ક અને અંબરની સુગંધીઓ કરતા વધારે સુગંધવાળી ગણવામાં આવે છે.

(૩) રહેમતના ફરીશ્તાઓ રાત-દીવસ તેમના માટે (મારી ઉમ્મત મારા અનુયાયીઓ માટે) દુઆ અને ગુનાહોની મગફેરત તલબ કરે છે.

(૪) ખુદા સ્વર્ગને આજ્ઞા કરે છે કે તે પોતાને અલ્લાહના રોઝા રાખનાર બંદાઓ માટે શણગારી લે કેમકે તેઓ (રોઝા રાખનાર બંદાઓ) દુન્યવી કષ્ઠ વેઠ્યા પછી અલ્લાહ પાસેથી આરામની આશા લઈને આવે છે.

(૫) જ્યારે મુબારક માસની અંતીમ રાત્રી આવે છે ત્યારે અલ્લાહ બધા રોઝા રાખનારાઓને માફ કરી દે છે.

(મહેમાન હાયે ખુદા દર માહે રમઝાન પા.૫૮)



# ઈમામ હસન (અ.સ.)ની વિલાદત

૧૫ રમઝાનુલ મુબારક સને 3 હિજરીમાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના નાનકડા મકાનમાં એક બાળકે આંખો ખોલી. જેનું નામ પયગમ્બર (સ.અ.વ.)એ ખુદાની આજ્ઞાથી હસન રાખ્યું. આપનો ઉછેર અલી (અ.સ.) અને ફાતિમા (સલા.) જેવા મહાન અને પવિત્ર માતા-પિતાની છત્રછાયામાં થયો હતો અને આપ પોતાના નાના (પયગમ્બરે અકરમ સ.અ.વ.) અને પોતાના પિતાની વૈચારિક પાઠશાળામાં ઈલાહી શિક્ષણથી સંચિત થતાં રહ્યાં હતાં.

ઈમામ હસન (અ.સ.)નું જીવન માઅસૂમ કુટુંબમાં પસાર થએલ છે. આપે પોતાના નાના મુહમ્મદ અરબી (સ.અ.વ.), પોતાના પિતા અલીયે મુર્તઝા (અ.સ.), પોતાના માતા ફાતેમા ઝહરા (સલા.) અને પોતાના ભાઈ ઈમામ હુસૈન (અ.સ.) સાથે જીવન વિતાવ્યું છે.

આપ ધૈર્ય અને સહનશીલતામાં અદ્વિતીય હતાં. જો કોઈ આપને ભૂંડુ કહેતો કે તકલીફ પહોંચાડતો ત્યારે આપ પોતાના ખૂબ જ સારા વર્તન અને નરમાશથી તેને પ્રત્યુત્તર આપતાં હતાં અને તેની સાથે સદ્વર્તન કરીને તે વ્યક્તિને પોતાનો ચાહક બનાવી લેતાં હતાં.



# દુઆ કબુલ થવાની શરતો

(ગયા અંકથી આગળ)

## ૬. દુઆ અને અમલ વચ્ચે સમન્વય :

દુઆ કબુલ થવાની શરતો પૈકી એક શરત એ પણ છે કે દુઆ અને અમલ વચ્ચે સમન્વય હોવો જોઈએ. અમલ કર્યા વગર ફક્ત દુઆ કરવાથી કોઈ ફાયદો થતો નથી અને અમલ પણ દુઆથી વિમુક્ત હોઈ શકતો નથી.

આમાં બે બાબતો છે. પ્રથમ તો એ કે અમલ કર્યા વગર દુઆ થઈ શકે નહિં.

રસૂલે ખુદા સ.અ.વ. એ અબૂઝર અ.સ.ને. ફરમાવ્યું છે કે "હે અબૂઝર ! અમલ કર્યા વગર દુઆ કરનાર વ્યક્તિ એવા તીરઅંદાજ જેવો છે કે જે કમાન વગર તીર ફેંકી રહ્યો હોય."(વસાએલુશ્શીઆ - કિતાબુસ્સલાત-અબવાબે દુઆ - બાબ-૩૨-હદીસ-૩)"



ઉમર બિન યઝીદથી રિવાયત છે કે મેં હઝરત ઈમામ જાફરે સાદિક અ.સ.ની સેવામાં અરજ ગુજારી કે "એક વ્યક્તિ એવું કહે છે કે હું તો મારા ઘરમાં જ બેસી રહીશ. નમાઝ પઢતો



E-mail : hadimasik@yahoo.com

રહીશ. રોઝા પણ રાખતો રહીશ. મારા પરવરદિગારની ઈબાદત કરતો રહીશ અને મને કાંઈ કામ કર્યા વગર રોજી પણ મળશે." આપ અ.સ.એ. ફરમાવ્યું "એ એવા ત્રણ પ્રકારના લોકો પૈકી છે કે જેમની દુઆ કબુલ થવાની નથી."(વસાએલુશ્શીઆ ભા.૪. પા.નં.૧૧૬૦-હદીસ-૮૯૧૩)



હઝરત રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે જન્નતમાં એવા બે વ્યક્તિઓ દાખલ થશે કે જેમના આમાલ તદ્દન એક સરખા હશે. પરંતુ તેઓમાંથી એક વ્યક્તિ બીજાને પોતાના કરતા ઉચ્ચતર જોશે. તો તે કહેશે. "હે પરવરદિગાર! અમારા બંનેના આમાલ તદ્દન એક સરખા છે તેમ છતાં તેં આ બીજા વ્યક્તિને મારા કરતાં વધારે જઝા (બદલો) શા માટે આપ્યો ?"

પરવરદિગારે આલમ જવાબ આપશે "તે મારી સમક્ષ યાચના કરતો હતો. પરંતુ તેં કદી મારી સમક્ષ યાચના કરી નથી." પછી આપ સ.અ.વ.એ ફરમાવ્યું "અલ્લાહના ફઝલની યાચના કરતા રહો. તેની દ્રષ્ટીએ આના કરતાં વધારે સારી બીજી કોઈ બાબત નથી."

(વસાએલુશ્શીઆ ભા. ૨. પા.નં. ૧૦૮૪ - હદીસ ૮૬૦૮)





આ પણ રસુલે ખુદા સ.અ.વ.નું જ ફરમાન છે કે : “નિઃશંકપણે જે બંદાઓએ તેની (ખુદા)ની ઈબાદત અમલ સાથે કરી તો ખુદાવન્દે આલમે તેમના ઉપર પોતાની દયા કૃપા વરસાવી અને બીજાઓએ હૃદયની નિખાલસતાથી (માત્ર) યાચના કરી તો તેમના ઉપર પણ પોતાની દયા કૃપા વરસાવી તે પછી તે સઘળી વ્યક્તિઓને જન્નતમાં પ્રવેશ આપ્યો. ત્યારે અમલ કરવાવાળા ખુદાને સવાલ કરશે હે “પરવરદિગાર! અમોએ તો અમલ કર્યા હતાં તેથી તે અમારા ઉપર પોતાની દયા-કૃપા વરસાવી પરંતુ આ લોકોએ તો અમલ નહોતા કર્યા તેમ છતાં તેં તેમના ઉપર પણ પોતાની દયા-કૃપા કેમ વરસાવી ?”

ત્યારે પરવરદિગાર જવાબ આપશે “હે મારા સેવકો (બંદાઓ) ! મેં તમને તમારા અમલની મજુરી આપી છે. હવે તમારો એ પ્રશ્ન કે આ લોકો પર તેં તારી દયા કૃપા કેમ વરસાવી ? તેમને તેં બધી રીતે નિશ્ચિંત - કોઈના ઓશિયાળા ન રહે તેવા - શા માટે કરી દીધાં - તો તેનો જવાબ છે એ મારો ફઝલ (મહરબાની) છે. કોઈ ના ઉપર પણ થઈ શકે છે.”

(વસાએલુશ્શીઆ ભા.૪-૧૦૮૪-હદીસ-૮૬૦૯)





E-mail : hadimasik@yahoo.com

# જહન્નમની આગ

"યા અય્યોહલ્લઝીના આમનુ-ક-અન્ફોસેકુમ-વ-અહલીકુમ-નારન-વ-કૂ-દોહન્નસો-વલ-હિજારતો" (સૂરએ-તહરીમ-આ.૬)

અર્થાત : "હે ઈમાન લાવનારાઓ ! પોતાની જાતને અને પોતાના બાલ બચ્ચાઓને તે આગથી બચાવો કે જેનું બળતણ માણસો અને પત્થર હશે."

એક નેક અને પરહેઝગાર - સદ્ચારિત્રવાળો વ્યક્તિ (પોતાના ગુનાહોના પ્રાયશ્ચિત-તૌબા માટે) ખૂબ જ રડતો રહેતો હતો. લોકોએ તેના આ હંમેશા રડતા રહેવાનું કારણ જાણવા માંગ્યું ત્યારે તેણે કહ્યું કે "જો ખુદાવન્દે આલમ મને એવું કહે છે તને તારા ગુનાહોની સજારૂપે ખૂબ જ ગરમ હમામ (બાથરૂમ)માં હંમેશા માટે પુરી દઈશ. તો પણ મારા આ આંસુઓ વહેતા અટકી જશે. પરંતુ શું થાય કે તેણે તો ગુનાહગારો માટે જહન્નમનો અઝાબ મૂકર્રર કર્યો છે. એ જહન્નમ-કે જેની આગને હજાર વરસ સુધી પ્રજવલિત રાખવામાં આવી. એટલે સુધી કે તે અગ્નિ એકદમ લાલચોળ થઈ ગઈ. તે પછી હજાર વરસ સુધી તેને વધુ પ્રજવલિત કરવામાં આવી જેથી તે સફેદ થઈ ગઈ તે પછી પણ હજાર વરસ સુધી તેને ખૂબ ભડકાવવામાં આવી એટલે સુધી કે તે સંપૂર્ણ કાળી પડી ગઈ. આ પરિસ્થિતિમાં આ અઝાબથી મુક્તિની આશા ફક્ત ખુદાવન્દે આલમની બારગાહમાં તૌબા પ્રાયશ્ચિત અને રડી રડીને ક્ષમા માંગવા સિવાય શક્ય નથી.

(રવઝાતુલ-બ્યાન-૨-પા.૨૨૫-તે આગોશે રેહમત પા.નં. ૧૪૫નો અવતરણ)

# નમાઝ અને બંદગીની અસરો અને બરકતો



## મહાનતા અને ગર્વની લાગણી :-

ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. પોતાની મુનાજાતમાં ફરમાવે છે કે :- હે પરવરદીગાર ! મારા માન-મરતબા અને મારા ગર્વ માટે એટલું જ પુરતું છે કે હું તારો દાસ છું. (બિહાર ભા.૭૭-પા.૪૦૨)

(એટલે કે તારૂ દાસપણું જ મારા માટે ગર્વની બાબત છે.)

એનાથી વધુ મહાન ગર્વની કઈ બાબત હશે કે મનુષ્ય પોતાને પેદા કરનાર (દાસ પોતાના માલીક) સાથે વાર્તાલાપ કરે અને તે પેદા કરનાર મનુષ્યની વાતને સાંભળે અને તેને સ્વીકારે!

આ તુચ્છ જગતમાં પણ મનુષ્યને દુન્યવી રીતે જ્યારે કોઈ પ્રખ્યાત વ્યક્તિ કે મહાન નેતા સાથે વાત કરવાનો પ્રસંગ સાંપડે છે, ત્યારે તેની સાથે વાત કરવાની બાબતને તે પોતાના માટે માન-સન્માનની બાબત ગણે છે અને તેને કારણે ગર્વ અનુભવે છે અથવા તો મનુષ્ય કોઈ મહાન ચિંતક કે વિદ્વાનનો વિદ્યાર્થી રહ્યો હોય તો તેને પણ તે પોતાની મોટાઈનું કારણ ગણે છે.



## શક્તિની લાગણી :-

જ્યારે કોઈ બાળકનો હાથ પોતાના શક્તિશાળી અને પ્રેમાળ પિતાના હાથમાં હોય છે ત્યારે તે પોતે પણ શક્તિશાળી અને બળવાન હોવાની લાગણી અનુભવે છે પરંતુ જો તે એકલો



E-mail : hadimasik@yahoo.com

હોય ત્યારે તેને બીક લાગે છે કે કોઈ તેને ઈજા કે તકલીફ ન પહોંચાડે. તેવી જ રીતે જ્યારે મનુષ્ય ખુદાની સાથે જોડાઈ જાય છે ત્યારે તે પણ જગતની તમામ મહાન શક્તિઓની તુલનામાં પોતાને શક્તિશાળી અને બળવાન છે તેવી લાગણી અનુભવે છે.



## માન-સન્માનની લાગણી :-

માન-સન્માનનો અર્થ એવો થાય કે જેમાં બીજા કોઈની અસર ન હોય. અંબિયા અ.સ.ની વિચારસરણીમાં સઘળાં માન સન્માન - ઈઝઝત આબરૂનો ધણી એક માત્ર ખુદા છે. તમામ શક્તિઓનો ધણી ખુદા છે. તેથી જે લોકો ખુદા સિવાયના અન્યની શોધમાં છે તેમને સંબોધીને અને તેમના આ વ્યર્થ કાર્યની ટીકા કરીને કુરઆને હકીમ ફરમાવે છે કે : “શું (તેઓ) ખુદા સિવાય કોઈ અન્ય પાસેથી ઈઝઝત-માન-મરતબો મળશે તેવી આશા રાખે છે. ? ”

(સુરએ નિસાઅ-આ.૧૩૯)

એ સ્વભાવિક છે કે સૌથી મહાન અને એવો સન્માનનીય જેનું સન્માન તેના પોતાના કારણે જ હોય, અન્ય કોઈને આભારી ન હોય (અઝીઝે મુત્લક) અને તમામ શક્તિઓ ઉપર પણ જે શક્તિ પ્રભુત્વ ધરાવતો હોય (કે જે કોઈને





તાબે ન હોય અને તેના ઉપર પ્રભુત્વ ધરાવી શકે - કે ધરાવતી હોય તેવી કોઈ શક્તિનું અસ્તિત્વ જ ન હોય - તેવી શક્તિના અસ્તિત્વની શકયતા જ ન હોય) તેવી શક્તિ સાથે જોડાઈ જવાથી જ મનુષ્યને માન-મરતબો - ઈઝઝત મળી શકે છે. તેથી "અલ્લાહો-અકબર" જેવા ઉચ્ચારણો પિશાચી શક્તિઓને મનુષ્ય સમક્ષ તુચ્છ અને નગણ્ય બનાવી દે છે અને મનુષ્યને તેના મુકાબલામાં મહાન અને શક્તિશાળી બનાવે છે.

## પ્રશિક્ષણનું કારણ :-

નમાઝ જો કે ખુદાની સાથે એક આધ્યાત્મિક સંપર્કનું સાધન છે અને તેનો હેતુ ખુદાનું સ્મરણ કરવાનો છે. પરંતુ ઈસ્લામનો હેતુ એવો છે કે તે આત્માને પ્રશિક્ષિત પણ કરી દે. તેથી જ ઈસ્લામમાં નમાઝના કુબુલ થવાની અનેક શરતો વર્ણવવામાં આવી છે. નમાઝને સૌથી પ્રારંભિક સમયે અદા કરવું - મસ્જિદમાં જઈને તથા જમાઅતની સાથે નમાઝ અદા કરવી - નમાઝ વખતે સાફ-સ્વચ્છ અને સુગંધિત વસ્ત્રો ધારણ કરવા - દાંત સાફ કરીને નમાઝ પઢવી - નમાઝમાં નમાઝીઓની હાર (સફ) ને સુવ્યવસ્થિત રાખવી અને તેના જેવી અનેક બાબતોનો ખ્યાલ રાખવાની જે તાકીદ છે તે નમાઝના સંપૂર્ણ હોવાની શરતોની સાથે સાથે મનુષ્યને પ્રશિક્ષિત કરવાનુ પણ કારણ બને છે.






## મનની શરણાગતિ : -

નમાઝની બરકતો (ફાયદાઓ)માંથી એક બરકત એ પણ છે કે નમાઝ બંડખોર આત્માને ખુદા તઆલાની શરણાગતિમાં હાજર કરે છે. ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. "મુનાજાતુશશાકીન"માં પોતાના આત્મા વિશે એવી રીતે ફરિયાદ કરે છે કે "હે ખુદા ! હું મારી આત્મા વિશે તારી બારગાહમાં ફરિયાદ કરૂં છું કે આત્મા લાલસા-પિપાસાથી આકર્ષિત રહે છે, સત્યથી દૂર ભાગે છે." આ આત્મા જ છે જે મનુષ્યને ગુનાહ સરળ અને મધુર હોવાનું શીખવાડે છે અને ગુનાહો તરફ તેને આકર્ષિત કરે છે. અને એવી દલીલ કરે છે કે પાછળથી પ્રાયશ્ચિત (તોબા) કરી લઈ શકાય છે. બધા જ લોકો આવી રીતે કરે છે."

આત્મા બાળકની એવી રકાતની જેમ છે કે પિતા તેને સખ્તાઈથી પકડી ન રાખે તો બાળક પોતાનો હાથ પોતાના પિતાના હાથમાંથી છોડાવીને જ્યાં તે ઈચ્છે ત્યાં ચાલ્યો જાય છે. અને (તેવું કરવાથી) તે હંમેશા મુશ્કેલીઓમાં ઘેરાએલો રહે છે. આત્માને અંકુશમાં રાખવાની શ્રેષ્ઠ પધ્ધતિ એ જ છે કે મનુષ્ય દિવસમાં કેટલીક વખત ખુદાવન્દે આલમની બારગાહમાં હાજરી આપે અને પોતાની બેદરકારીનો ત્યાગ કરે. જેથી કરીને ભૌતિકતાના સમુદ્રમાં પોતાને ડૂબવાથી બચાવી શકે.





# અલી અ.સ.નો શીઆ

**મૃત્યુનું સ્વાગત :-**

**ઈમામ હસન અસ્કરી અ.સ. ફરમાવે છે કે :-**

"અલી અ.સ.ના શીઆઓને ખુદાના માર્ગે (ચાલતી વખતે) એ વાતની દરકાર નથી હોતી કે મૃત્યુ તેમનો પીછો કરશે કે તેઓ (પોતે) મૃત્યુનો પીછો કરશે. અલી અ.સ.નો શીઆ એવી વ્યક્તિઓ હોય છે કે જેઓ પોતાના ભાઈની જરૂરતોને પોતાની જરૂરીયાતો ઉપર



અગ્રતા આપે છે. આ એવા લોકો હોય છે જેમને ખુદા એવા સ્થળોએ કદી જોતો નથી જ્યાં જવાથી ખુદાએ તેમને મનાઈ ફરમાવી હોય. અને તેઓને એવા સ્થળોએ ગેરહાજર નથી જોતો કે જ્યાં જવાની તેઓને આજ્ઞા આપવામાં આવી હોય. અલી અ.સ.ના શીઆ એવા લોકો હોય છે કે જેઓ પોતાના મોમીનભાઈને માન આપે છે અને અલી.અ.સ.નું (અલી અ.સ.ની આજ્ઞાઓનું) અનુસરણ કરે છે.”

(બિહારૂલ-અનવાર-ભા.૮)





# નાનકડી દુઆ – ઘણો મોટો લાભ

એક દિવસ "હુઝબ્લી" નામનો એક દીનદાર અને સદાચારી વૃધ્ધ વ્યક્તિ પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સેવામાં હાજર થયો અને અરજ ગુજારી કે "હે ખુદાના રસૂલ સ.અ.વ. ! મારી વય હવે સમાપ્તીના આરે છે. અને વૃધ્ધાવસ્થાની નબળાઈ એ મારા ઉપર વર્ચસ્વ જમાવી દીધું છે. દિવસ દરમ્યાન હું રોઝો નથી રાખી શકતો. રાત્રે જાગરણ કરીને ઈબાદતો કરવી અને મુસ્તહબ નમાઝો પઢવી પણ મારાથી શકય નથી. મારી પાસે ધન-દોલત પણ નથી કે જે અલ્લાહના માર્ગે ખરચ કરી શકું અને હવે હજ અદા કરવાની શક્તિ પણ મારામાં રહી નથી."

પયગમ્બરે અકરમ સ.અ.વ.એ તેની વાતો સાંભળીને કહ્યું : "તમારી આ કથની ફરી કહો જોઈએ" હુઝબ્લીએ પોતાની તે અશક્ત વાણીમાં પોતાની વાતો દોહરાવી. આપ સ.અ.વ.એ તેને ફરમાવ્યું કે "ફરીથી પોતાની વાતોને દોહરાવો." તેણે ફરી એજ રીતે પોતાની વાત બ્યાન કરી, તે પછી આપ સ.અ.વ.એ તે વ્યક્તિને બશારત અને ખુશખબર આપ્યા કે પોતાની પવિત્ર ઈચ્છાને કારણે તમને આ બધી બાબતોનો સવાબ મળશે. તે વૃધ્ધ વ્યક્તિ પયગમ્બરે અકરમ સ.અ.વ.ની આ વાત સાંભળીને ખુશ થઈ ગયો અને તેણે અરજ ગુજારી હે અલ્લાહના નબી સ.અ.વ.! મને કોઈ એવી આજ્ઞા આપો કે જે હું બજાવી લાવી શકું. આપ સ.અ.વ.એ ફરમાવ્યું "તમે આ દુઆ કરતાં રહો."

"અલ્લાહુમ્મા - એહદેની - મિન-ઈન્દેકા - વ-અફિઝ- અલૈયા-મિન-ફઝલેકા-



E-mail : hadimasik@yahoo.com

વનશુર અલૈયા-મિન-રહમતેકા વન-ઝિલ-અલૈયા-મિન-બરેકાતેહુ!" અર્થાત્ હે ખુદા ! મને પોતાની તરફ (સત્યના માર્ગે) દોરવણી આપ. મારા ઉપર પોતાની દયા કૃપા વરસાવ અને પોતાની રહમતને મારી ઉપર ફેલાવી દે (એટલે કે મને તારી રહમતની છત્ર છાયામાં લઈ લે.) - અને મારા ઉપર તારી બરકતો વરસાવ"

જ્યારે પયગમ્બર સ.અ.વ.એ પોતાની વાત પૂર્ણ કરી ત્યારે આપના એક ચાહનાર વ્યક્તિએ અરજ ગુજારી કે "આપની આ આજ્ઞા તો અત્યંત ટુંકી છે." ત્યારે આપ સ.અ.વ.એ ફરમાવ્યું "જો આ વૃધ્ધ વ્યક્તિ સંપુર્ણ નિખાલસતા અને હૃદયના ઉંડાણપૂર્વક આ અમલ કરશે તો ખુદાવન્દે આલમ આ વ્યક્તિના અવસાન પછી જન્નતના આઠ દરવાજાઓ આના માટે ઉઘાડી દેશે."

તે વૃધ્ધ વ્યક્તિએ પયગમ્બર સ.અ.વ.નો આભાર માન્યો અને અરજ ગુજારી કે મારા માલિક અને સરદાર ! આ અમલ તો મારી આખેરત માટે આપે ફરમાવ્યો છે. આ જગત (ના લાભ) માટે પણ કોઈ વઝીફો બતાવી દોને." આપ સ.અ.વ.એ કહ્યું "આ દુઆ પઢવાને નિત્યક્રમ બનાવી લો" - "સુબ્હાનલ્લાહિલ અઝીમે-વ-બે હમ્દેહી - અસ્તગફેરૂલ્લાહા-રબ્બી-વ-અતૂબે ઈલયહ - અર્થાત :- "સર્વાધિક અત્યંત પવિત્ર છે તારી મહાન ઝાત અને હમ્દ (પ્રશંસા) તારા માટે જ છે. (એટલે પ્રશંસા તને જ શોભે છે.) - હે મારા રબ ! હું તારાથી ઈસ્તિગફાર કરૂં છું (એટલે તારી પાસે ગુનાહોની ક્ષમા યાચના કરૂં છું) અને તારી સમક્ષ જ તૌબા (પ્રાયશ્ચિત) કરૂં છું."

તે પછી આપ સ.અ.વ.એ કહ્યું "દરરોજ સવારની નમાઝ પછી તમે જો આ દુઆ પઢશો તો કયારેય આંધળા -પાગલ અને દરિદ્ર થશો નહીં."





# બંદગીની કલ્પના અને રોઝો

આદિકાળથી માનવી કેટલાંક એવા કૃત્યો અને કર્મોનો પાબંદ રહયો છે કે જે દુન્યવી વ્યસ્તતાઓથી વેગળા હોય છે અને તે અત્યંત સન્માન અને શ્રદ્ધાપૂર્વક તેમની બજવણી કરતો આવ્યો છે. એટલું જ નહી પણ કૃત્યો અને કર્મોની બજવણીથી તેને રાહત અને મનની શાંતિ પણ મળતી રહી છે. આવા જ કર્મોને ઈબાદત, બંદગી, પૂજા અર્ચના કે પ્રાર્થના જેવા નામોથી ઓળખવામાં આવે છે. પરંતુ તમામ ધર્મો અને કોમોની બંદગી કે ઈબાદતને આવરી લે તેવી કોઈ વ્યાખ્યા આપવાનું કામ અત્યંત દુષ્કર છે. કારણ કે ઈબાદત અને બંદગીની કલ્પના માનવ ઈતિહાસના દરેક કાળમાં જુદી જુદી રહી છે.

એક કલ્પનાની રૂએ એવી મહાન વિભુતીઓની પૂજા-સેવા કરવામાં આવે છે કે જે માનવીઓ પ્રકૃતિ ધરાવતી હોય છે, તદાનુસાર જે રીતે મોટા લોકો પોતાના નાનેરાંઓની સાથે ખુશામત કે ચાપલુસીથી પ્રસન્ન રહે છે. અને તેમની ઉપર પોતાની મહેર અને દયા દષ્ટિ રાખે છે. એ જ રીતે માનવી જો પોતાના દેવી દેવતાઓને પ્રસન્ન કરવાના પ્રયાસોમાં તેમની ખુશામત કરે તો એના ઉપર તેમની મહેરની વર્ષા થાય છે. અન્યથા એ તેમના કોપ-પ્રકોપનો ભોગ બને છે. આ વિભાવના અનુસાર ઈબાદત કેટલીક વિધિઓ માત્રનું નામ છે.





E-mail : hadimasik@yahoo.com




ઈબાદતની બીજી વિભાવનાં અનુસાર માનવી સંસારનો ત્યાગ કરી જોગી કે સન્યાસી બની જાય છે. આ વિભાવનામાં માનવીનું તમામ લૌકીક લાલસાઓ અને મોહમાયામાંથી મુક્ત થવુ આવશ્યક હોય છે. અને તેમાં ધર્મને સંસારનો વિરોધી માનવામાં આવે છે, તેમજ એમ માનવામાં આવે છે કે દુન્યવી નુકશાન વગર ધાર્મિક પ્રગતિ કે ઉત્થાન શક્ય નથી.

પરંતુ ઈબાદત અંગેની ઈસ્લામી વિભાવના ઉપરોક્ત બંન્ને ખ્યાલોની તદન વિરૂધ્ધ છે. ઈસ્લામનાં મતે અનન્ય એવા એકમાત્ર પૂજાને પાત્ર ઈશ્વર (ખુદા) ની દરેક માનવ પોતાના જીવનની પ્રત્યેક પળ ખુદાની બંદગીમાં પસાર કરી શકે છે. કારણ કે અલ્લાહ તઆલાએ માનવીનું જીદંગીના દરેક કાળ અને દરેક પળ માટે સૂચનાઓ આપી તેનું માર્ગદર્શન કર્યું છે. ઈસ્લામમાં જયાં નમાઝ, રોઝા, હજ, જકાત અને જેહાદ ઈબાદત છે. ત્યાં જ માનવીનું હરવું-ફરવું , ઊંઘવું-જાગવું, ખાવું-પીવું ટુંકમાં સમગ્ર જીવન બલ્કે એનું મોત પણ અલ્લાહની ઈબાદત બની શકે છે. શરત માત્ર એ છે કે આપ આપના દરેક કામમાં અલ્લાહની આજ્ઞાનું પાલન કરતાં હો. જો તમે ધરતી પર વિનમ્રતાપૂર્વક ચાલો અને ફિતનો કે ફસાદ ન ફેલાવો તો તમારુ હરવું-ફરવું પણ ઈબાદત છે. જો તમે યોગ્ય અને વિહિત માર્ગોથી તમારી



E-mail : hadimasik@yahoo.com



આજીવિકાનું ઉપાર્જન કરતાં હો અને તમારા સંતોનોની જીવાદોરી ટકાવી રાખવાની જવાબદારી તમારા માથે છે એ જવાબદારીનું વહન કરવા માટે તમે કમાણી કરતાં હો તો તમારી એ કમાણી ખેતી, વેપાર, મહેનત, મજૂરી એ બધું જ ઈબાદત ગણાશે એનાંથી ઉલ્ટુ જો તમે સન્યાસ ધારણ કરી વનવાસ લેશો તો સત્ય-અસત્ય, અત્યાચાર અને ન્યાય તેમજ વિહિત અને નિહિતની કસોટી કઈ કઈ રીતે કરી શકશો. એટલું જ નહી પણ સંયમ અને ઈશ્વરીય પ્રકોપ પ્રત્યેનો ભેદ કઈ રીતે વ્યક્ત થઈ શકે ?

ઈબાદત તો એ છે કે તમે જબરા હોવાં છતાં જુલમ ન કરો. તમારા હાથમાં ત્રાજવું હોય અને પુરેપુરો તોલ આપો, સત્યને ખાતર તમારુ નુકશાન થઈ રહયું હોય છતાં માત્ર ઈશ્વરની મહેર ખાતર તમે દ્રઢતાપૂર્વક સત્યને વળગી રહો. જાતે નિર્વસ્ત્ર રહેવું સરળ છે. પરંતુ નિર્વસ્ત્રને વસ્ત્રો આપવાં એ જ મૂળ સેવા છે. એવી જ રીતે પોતાના ઈમાન અને ધર્મની રક્ષા કાજે વનવાસ લેવો કે ગુફાઓમાં આસન જમાવવું તો સરળ છે પરંતુ અન્ય લોકોનાં ધર્મ અને ઈમાનની રક્ષા સરળ કે સહજ નથી. ઘરની શાંતિ મોજ છોડી કર્મ યુદ્ધ કાજે કર્મભુમિમાં ઉતરવું એજ મૂળ સેવાકાર્ય છે. એ જ અલ્લાહની આજ્ઞાનું પાલન અને એ જ ઈબાદત છે.



ટૂંકમાં ઈસ્લામ માનવીય જીવનને દીન (ધર્મ)માં તબદીલ કરવા માંગે છે અને જે ખુદાની



E-mail : hadimasik@yahoo.com



બંદગીનો માનવે એકરાર કર્યો છે એની જ બંદગીનો માનવ જીવનની પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક શ્વાસ પસાર થાય તેવી તેની પાસે અપેક્ષા રાખે છે.

આમ તો ઈસ્લામમાં માનવ જીવનની દરેક અદા ઈબાદત છે. તેમ છતાં ઈસ્લામે કેટલાંક કૃત્યો અને કર્મો એવા નિર્ધારીત કર્યા છે જે માનવીને એનાં સંપૂર્ણ જીવનને ઈબાદત બનાવવાની કેળવણી આપે છે. એમાં નમાઝ ઉપરાંત રોઝાનો પણ સમાવેશ થાય છે.

હીજરી સનનાં નવમાં મહિના રમઝાનમાં રોઝા રાખવાનું દરેક મુસલમાન માટે ફરજીયાત કર્યું છે. રોઝામાં માત્ર ભુખ્યાં રહેવુ જ પર્યાપ્ત નથી.

રોઝા દરમ્યાન સત્ય, નિષ્ઠા, ન્યાય, નિયમિતતા અને નમ્રતા જેવા પાયાનાં મુલ્યોનું આચરણ પણ આવશ્યક છે. એનાંથી ગરીબી રેખાની નીચે જીવતાં અને માંડ માંડ એક ટંકનું ભોજન મેળવી શકતાં દીન લોકો પ્રત્યે દયાભાવ જાગે છે. એટલું જ નહી પણ તેમણે વેઠેલાં કષ્ટનું મૂલ્ય પણ સમજાઈ જાય છે.

રોઝાથી માનવ શરીરમાં વિકાર તત્વો પણ નાશ પામે છે. પિત્ત, અને વાયુ પ્રકોપનો નાશ થાય છે અને માનવશરીર રૂપી યંત્ર, સશક્ત, સમર્થ, બળવાન અને નિરોગી બને છે.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઇ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !




મિઠવાણી હસનૈન રઝા હબીબ અલી




રવજાણી ફઝલ અબ્બાસ



હિરાણી મહંમદ તકી આર.



મિઠવાણી સજ્જાદ રઝા હબીબ અલી



મિઠવાણી મહેંદી રઝા હબીબ અલી




E-mail : hadimasik@yahoo.com

# રોઝા રાખવાના ૭ ફાયદાઓ





નબીયે અકરમ સ.અ.વ.નું ફરમાન છે કે "એવો કોઈ મોઅમિન નથી કે જે રમઝાન માસના રોઝા રાખે અને અલ્લાહ તેને સાત ઈનામોથી પુરસ્કૃત ન કરે" તે સાત ઈનામો નીચે મુજબ છે.

(૧) તેના શરીરમાં જે કાંઈ પણ હરામ વસ્તુઓ છે તે પાણી થઈ જાય છે.

(૨) અલ્લાહની કૃપા દૃષ્ટિ તેને પ્રાપ્ત થાય છે.

(3) બાબા આદમ અ.સ.ના "તર્કે ઉલા"નો કફ્ફારો થઈ જાય છે.

(૪) મૃત્યુકાળની કઠિનાઈઓ તેના માટે આસાન થઈ જાય છે.

(૫) કયામતના દિવસે ભૂખ અને તરસથી તે રક્ષિત થઈ જાય છે.

(૬) જહન્નમ(નર્ક)ની અગ્નિથી તેને મુક્તિ મળી જાય છે.

(૭) સ્વર્ગની પાક ખાવા પીવાની વસ્તુઓ તેને ખાવા માટે આપવામાં આવે છે.

(મન-લા-યહઝરહુલ ફકીહ - ભા.૨, પા.3)

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, આપેલ ચિત્રને રંગ પુરીને સુંદર બનાવો.






E-mail : hadimasik@yahoo.com



# ઈફતાર કરાવવા માટે અલ્લાહની રાહમાં ખર્ચ

ઈમામ સજજાદ અ.સ. જે દિવસે રોજો રાખતાં હતાં તે દિવસે એવી આજ્ઞા આપતાં હતાં કે એક ઘેટાને હલાલ કરી (ઝિબાહ કરી) તેના ગોશ્તના ટુકડા ટુકડા કરીને રાંધવામાં આવે. જયારે સુર્યાસ્ત થઈ જતો ત્યારે ભોજન રાંધવામાં આવ્યું હતું તે દેગના મોઢા તરફ પોતાનું મુખારવિંદ કરીને ગોશ્તની સ્વાદિષ્ટ સુગંધ સુઘતાં હતાં. તે પછી ફરમાવતાં કે વાસણો (તપેલીઓ) લાવો અને ફલાંણા ફલાંણા ને આપવા માટે તપેલીઓમાં આ ગોશ્ત નાંખી દો અને તેમને પહોંચાડી દો" આ ક્રમ બધી જ દેગોમાંનું ગોશ્ત ખત્મ થઈ જાય ત્યાં સુધી ચાલુ રહેતું, પછી રોટી અને ખજુર મંગાવતાં અને પોતે તો તેનાથી જ ઈફતાર કરતાં હતાં. (અલ્કાફી- ભા.૪. પા.૬૮ હદીસ- નં.૩)

શું તમે પણ કદી પોતાના ભાગની કોઈ સ્વાદિષ્ટ વાનગી પોતાના કોઈ મોમિનભાઈને આપી દીધી છે ???






# શત્રુનો એકરાર

હઝરત ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે એક દિવસ એક વ્યક્તિ ઉસ્માન-બિન-અફ્ફાન પાસે આવ્યો જે મસ્જિદમાં બેઠેલા હતાં અને તેણે તેમની પાસે મદદની યાચના કરી. ઉસ્માને પાંચ દીનાર આપવાનો હુકમ કર્યો. તે વ્યક્તિએ કહ્યું, મને એવું ઘર દેખાડો કે જ્યાં મારી હાજત પુરી થઈ શકે. ઉસ્માને મસ્જિદની એક દિશામાં આંગળી ચીંધી કે જ્યાં ઈમામ હસન અ.સ., ઈમામ હુસૈન અ.સ. અને અબ્દુલ્લાહ-બિન-જાઅફર ઉભેલા હતાં અને કહ્યું “એ દાનવીરો પાસે ચાલ્યા જાઓ”

તે વ્યક્તિએ ત્યાં જઈને સલામ કરી અને આપ હઝરાત પાસે પણ મદદ માટે યાચના કરી. સલામનો જવાબ આપ્યા પછી ઈમામ હસન અ.સ.એ ફરમાવ્યું “જુઓ, બીજાઓ પાસે ત્રણ કારણો સિવાય યાચના ન કરવી જોઈએ. જેનાથી હૃદયમાં બળતરા થતી હોય તેવો દંડ ભરવા માટે અથવા એવું દેવું ભરપાઈ કરવા માટે કે જેનાથી દિલ તુટતું હોય અથવા એવી દરીદ્રતાની પરિસ્થિતિમાં કે જે અસહ્ય હોય.” પછી ઈમામ હસન અ.સ.એ તે વ્યક્તિને પુછયું “તમને આ પૈકી કઈ તકલીફ છે ?”



E-mail : hadimasik@yahoo.com



તેણે કહ્યું "મને આ પૈકીની જ એક તકલીફ છે. ઈમામ હસન અ.સ.એ તેની વધુ પુછપરછ કરી નહીં અને તેના આત્મસન્માનને હાની પહોંચાડયા વગર તેની વાત સ્વીકારી લઈને તે વ્યક્તિને ૫૦ દિનાર આપવાનો હુકમ પોતાના દાસને કર્યો. ઈમામ હુસૈન અ.સ.એ કહ્યું, મારા વતી પણ આ વ્યક્તિને ૪૯ દિનાર આપવામાં આવે. અને અબ્દુલ્લાહ - બિન - જાઅફર એ પણ એને ૪૮ દિનાર આપ્યા, તે પછી તે વ્યક્તિ આ ભેટ લઈને મસ્જિદમાં ઉસ્માન પાસેથી પસાર થયો. ઉસ્માને તેને પુછયું, શું થયું ? તેણે કહ્યું "હું તારી પાસે આવ્યો હતો ત્યારે તેં મને ફક્ત પાંચ દીનાર આપ્યા અને મારી પરિસ્થિતિ વિશે કોઈ ચિંતા રાખીને તને શું તકલીફ છે એટલું પણ પુછયુ નહીં ? પરંતુ પેલા લાંબા વાળ વાળા વડીલો પૈકી પ્રથમ વડીલે મને ૫૦ દિનાર - બીજા વડીલે મને ૪૯ દિનાર અને ત્રીજા વડીલે મને ૪૮ દિનાર આપ્યા." ઉસ્માને કહ્યું, "તારી તકલીફના નિવારણ માટે આ ત્રણ દાનવીરોથી વધુ સારા કોણ હોઈ શકે ? કેમકે વિદ્યા અને પરમજ્ઞાન ફક્ત તેમની પાસે જ છે અને ભલાઈ અને બરકત પણ તેમના માંજ એકત્ર થયેલી છે."

(અલખિસાલ-૧/૧૩૫ - હદીસ - ૧૪૯)




E-mail : hadimasik@yahoo.com



# સાચા રોઝાઓ જ ઉત્તમ રોઝા

એક વખત નબી સ.અ.વ.એ જનાબે જાબીર બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું હતું કે "આ રમઝાનના મુબારક માસમાં જે વ્યક્તિ દિવસે રોઝો રાખે છે, રાત્રે દુઆ માંગતો રહે છે અને આખાએ માસ દરમ્યાન જે પોતાના પેટ - મન - જીભ અને પ્રલોભન ઉપર કાબૂ રાખે છે તે વ્યક્તિ પોતાના ગુનાહોથી એવી રીતે પાક થઈ જાય છે જેવી રીતે આ રમઝાન માસ આપણાં વચ્ચેથી પસાર થઈ જાય છે." જાબિરે અરજ કરી : "હે અલ્લાહના નબી (સ.અ.વ.) કેટલો સારો વાયદો છે ?" નબી સ.અ.વ.એ ફરમાવ્યું : " પરંતુ જાબિર! તેની શરતો કેટલી મુશ્કેલ છે ?" (અલકાફી : ભાગ-૪, પા.૮૭)

ઈમામ અલી (અ.સ.)એ ફરમાવ્યું છે કે "પોતાના ગુનાહોની બાબતે ચિંતિત રહેવું તે મનનો રોઝો છે અને તે ભોજનથી પેટને બચાવી રાખવા (એટલે કે ભૂખ્યા રહેવા)ના રોઝા કરતાં ઉત્તમ છે."

(મીઝાનુલ હિકમત : હદીસ નંબર-૧૦૯૪૮)





# કુરઆનની તિલાવતની ફઝીલત

પોત-પોતાના ઘરોને તિલાવતે કુરઆનથી પ્રકાશિત કરી દો અને તેને કબ્રસ્તાન ન બનાવી દો. (જે ઘરમાં કુરઆનની તિલાવત નથી થતી તે ઘર કબ્રસ્તાન જેવું છે.) જે ઘરોમાં વિશેષ પ્રમાણમાં કુરઆનની તિલાવત થાય છે ત્યાં અલ્લાહની અસિમ કૃપા પણ વિશેષ પ્રમાણમાં હોય છે અને આવા ઘરો આકાશવાળાઓને (ફરિશ્તાઓ) એવી જ રીતે ઝગમગતા દેખાય છે જેવી રીતે પૃથ્વીવાળાઓને આકાશમાં તારા ઝગમગતા દેખાય છે.

- (નબીયે અકરમ સ.અ.વ.)



## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*